# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા. ૩૦.૦૭.૨૦૧૮

--------------------

**કોંગ્રેસના તુટવામાં કોંગ્રેસના જ નેતૃત્વની નિષ્ફળતા અને આંતરીક જૂથબંધી જવાબદાર હોય છે. તેમાં ભાજપને દોષ દેવો યોગ્ય નથી. - ભરત પંડ્યા**

---

**કોંગ્રેસની નેતાગીરીને "દુઃખે છે પેટ અને કુટે છે માથું"**

---

**"નવરાત્રી" એ દેશ - વિદેશમાં ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ બની છે.**
**નવરાત્રી એ શક્તિ - ભક્તિ, આધ્યાત્મિક, ઉત્સાહ અને ઉત્સવનું પ્રતિક છે.**

---

**કોંગ્રેસ જે.એન.યુ.માં દેશવિરોધી, માનવતા વિરોધી અને સંસ્કૃતિ વિરોધી કાર્યક્રમોનો કોંગ્રેસ વિરોધ કરતું નથી અને અહીંયા 'નવરાત્રી'માં કોંગ્રેસ વિરોધ કરીને વિવાદ ઊભો કરવાની કોશિશ કરે છે.**

--------------------

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડ્યાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના પ્રમુખશ્રીએ ભાજપ પર આક્ષેપ કરતાં પહેલા મુરબ્બીશ્રી માધવસિંહભાઈએ જન્મદિવસ નિમિત્તે જે સલાહ આપી છે તેને ધ્યાનમાં લેવી જોઈએ. તેઓશ્રીએ સ્પષ્ટ કીધું છે. **"જૂના નેતાઓનું સ્થાન લઈ શકે તેવાં કોઈનેતા હાલ કોંગ્રેસમાં દેખાતાં નથી"** અને **"કોગ્રેસે પ્રજાના પ્રશ્નોમાં ધ્યાન આપવું જોઈએ".** આ ટકોરમાં જ સ્પષ્ટ થાય છે કે, હાલની કોંગ્રેસની નેતાગીરી નબળી છે અને કોંગ્રેસ માત્ર આંતરીક જૂથબંધીમાં કાર્યરત છે. પ્રજાના પ્રશ્નોમાં અને પ્રજાલક્ષી કાર્યક્રમોમાં ધ્યાન આપતી નથી.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, **કોંગ્રેસની નેતાગીરીને "દુઃખે છે પેટ અને કુટે છે માથું" કોંગ્રેસના તુટવામાં કોંગ્રેસના જ નેતૃત્વની નિષ્ફળતા અને આંતરીક જૂથબંધી જવાબદાર છે. તેમાં ભાજપને દોષ દેવો યોગ્ય નથી.** કોંગ્રેસ ૨૧ રાજયોમાં હતી પ્રજાવિમુખથી હવે માત્ર ૪ રાજ્યોમાં રહી છે. ગુજરાતમાં જનતાના આશિર્વાદ અને જનમતથી સતત છઠ્ઠીવાર ભાજપ વિજયી બન્યુ છે. તેનાં પછી દરેક પેટાચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થયો અને હવે પંચાયતોના હોદ્દેદારોની ચૂંટણીમાં કોંગ્રેસના નેતાઓ, ચુંટાયેલ પ્રતિનિધીઓ કોંગ્રેસની નેતાગીરીથી નારાજ થઈને કોંગ્રેસ વિમુખ થતાં જાય છે કોંગ્રેસે ૭ જીલ્લા પંચાયત. અને લગભગ ૨૮ જેટલી તાલુકા પંચાયત ગુમાવીને કોંગ્રેસ પોતાનાં ભારથી જ તુટી રહી છે ત્યારે ભાજપ ઉપર ખોટા આક્ષેપો કરવાને બદલે પોતાની પાર્ટીમાં ધ્યાન આપે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, નવરાત્રી વેકેશનએ વાલીઓ અને વિદ્યાર્થીઓની લાગણી - માંગણી હતી. તમામ યુનિવર્સિટીઓ પણ કુલપતિઓની બેઠકમાં નિર્ણય કરી એકેડેમીક કેલેન્ડરમાં વ્યવસ્થા કરેલ છે. ભણતરના દિવસો બગડવાના નથી. "નવરાત્રી" એ દેશ - વિદેશમાં ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ બની છે. નવરાત્રી એ શક્તિ-ભક્તિ, આધ્યાત્મિક, ઉત્સાહ અને ઉત્સવનું પ્રતિક છે. લોકો શરીર - મન - હ્રદયથી નવદુર્ગાની આરાધના કરતાં હોય છે.

કોંગ્રેસ હંમેશા દેશની સંસ્કૃતિ, પરંપરા અને સભ્યતાની વિરૂદ્ધમાં જ રહીને વિવાદ ઊભો કરવાનો કેમ પ્રયાસ કરે છે તે સમજાતું નથી. કોંગ્રેસ જે.એન.યુ.માં દેશવિરોધી, માનવતા વિરોધી અને સંસ્કૃતિ વિરોધી કાર્યક્રમોનો કોંગ્રેસ વિરોધ કરતું નથી અને અહીંયા 'નવરાત્રી' વેકેશનનો કોંગ્રેસ વિરોધ કરીને વિવાદ ઊભો કરવાની કોશિશ કરે છે. કોંગ્રેસ **"વિકાસ"**નો વિરોધ કરે, કોંગ્રેસ **"નર્મદા"**નો વિરોધ કરે અને હવે કોંગ્રેસ **"નવરાત્રી"**નો પણ વિરોધ કરે છે ત્યારે ગુજરાતની યુવાશક્તિ અને મહિલાશક્તિ કોંગ્રેસની આ નકારાત્મકતાને જોઈ રહી છે. આગામી સમયમાં કોંગ્રેસને તેનો જડબાતોડ જવાબ આપશે તેવો વિશ્વાસ શ્રી પંડ્યાએ વ્યક્ત કર્યો હતો.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ